सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| | પ્રાપ્તી તારીખ | : | ૨૮–૦૪–૨૦૨૬ |
| | નોંધ્યા તારીખ | : | ૨૮–૦૪–૨૦૨૬ |
| | ફેંસલ તારીખ | : | ૧૦–૦૬–૨૦૨૬ |
| | સમયગાળો | : | **વર્ષ માસ દિવસ** |
| | | : | ૦૦ ૦૧ ૧૩ |

====================================================

**બારડોલીના મહે. જ્યુ. મેજિ. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ.બારડોલી, જી.સુરત.**

====================================================

**ફોજદારી કેસ નં :** ૧૦૧૭ / ૨૦૨૬ .

**આંક :** .......

====================================================

( બારડોલી પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૪૦૭૦૨૬૦૧૨૦/૨૦૨૬ )

**ફરીયાદી :– સરકારશ્રી.**

**વિરૂધ્ધ**

| | |
|---|---|
| **આરોપી** | **૧. ભગવતીબેન ઈશ્વરભાઈ હળપતિ,**<br>રહે. અકોટી ગામ, મસ્જિદ ફળિયુ, તા. બારડોલી, જી. સુરત. |

====================================================

**ગુનો :– પ્રોહી એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ.**

====================================================

**J.M.F.C. Bardoli.**

==================================================

**ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી** આર.ડી.મન્સુરી

**આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી** એમ.કે.ટેલર

==================================================

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદપક્ષનાં કેસની વિગત એફ.આઇ.આર મુજબ ટુંકમાં એવી છે કે, આ કામના આરોપી પાસેથી પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે આશરે ૦૨ લીટર જેટલો દેશીદારૂ જેમાં પ્રતિ લિ. ૨૦૦/– દેશી દારૂની જેની કુલે **કિં. ૪૦૦/–** નો મુદ્દામાલ વગર પાસ પરમીટનો રાખી પકડાઇ જઇ તમો આરોપી ગુજરાત પ્રોહિબિશન એકટ કલમ– ૬૫(એ)(એ)મુજબનો ગુનો કરેલ હોય, પંચનામાની વિગતો આરોપીને ધોરણસર અટક કરવામાં આવેલ. ત્યારબાદ, આ કામના ફરીયાદીએ ગુના સબબ બારડોલી પોલિસ સ્ટેશનને **એફ.આઇ.આર નં. ૧૧૨૧૪૦૭૦૨૬૦૧૨૦/૨૦૨૬** થી આપેલ અને આરોપી વિરૂદ્ધ સંબંધીત તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ પુર્ણ થતા ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે સમન્સ કાઢતા આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ અને આરોપીને બી.એન.એસ.એસની કલમ– ૨૩૦ મુજબ આરોપીને તમામ કેસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામા આવેલ અને ત્યારબાદ આંક– ૦૪ થી તહોમતનામુ ફરમાવી આંક– ૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી જેમાં આરોપીએ ગુનો કબુલ નહી કરતા હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબક્કે રહેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

## – :: મૌખીક પુરાવો :: –

| ક્રમ | મૌખીક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ **નટુભાઈ લાલભાઈ ઢીમ્મર** નાઓની જુબાની | ૦૭ |
| ૨ | પંચ સાહેદ **અશોકભાઈ દેવસિંગભાઈ ચૌધરી** નાઓની જુબાની | ૦૯ |

## – :: દસ્તાવેજી પુરાવો :: –

| ક્રમ | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૮ |

**(૪)** ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાની મૌખીક જાહેરાત કરતા આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને રાખતા આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ– ૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવાનુ જરૂરી નહી જણાતા નોંધવામાં આવેલ નથી.

**(૫)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષે આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલિલ સાંભળવામાં આવેલ છે.

**(૬)** હાલના કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી પાસેથી પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે આશરે ૦૨ લીટર જેટલો દેશીદારૂ જેમાં પ્રતિ લિ. ૨૦૦/– દેશી દારૂની જેની કુલ્લે **કિં. ૪૦૦/–** નો મુદ્ધામાલ વગર પાસ પરમીટનો રાખી પકડાઈ જઈ આરોપીએ ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

**(૭)** ઉપરોકત મુદ્ધાઓના નિર્ણયનો તેના કારણો સાથે નીચે મુજબ છેઈ

મુદ્ધા નં. (૧) નકારમાં

મુદ્ધા નં. (૨) આખરી હુકમ મુજબ.

**J.M.F.C. Bardoli.**

## – :: કારણો ::–

**મુદ્દા નં. :–**

(૮) આ કામે **આંક– ૦૭** થી પંચ સાહેદ **નટુભાઈ લાલભાઈ ઢીમ્મર** નાઓને તથા **આંક– ૦૯** થી પંચ સાહેદ **અશોકભાઈ દેવસિંગભાઈ ચૌધરી** સરકારપક્ષે તપાસવસમાં આવેલ છે અને તેઓ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી. તેઓ ફકત પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે અને પંચનામુ **આંક– ૦૮** થી રજુ કરેલ છે.

(૯) આમ, સદર સાહેદ સરકારપક્ષે હિત ધરાવનાર સાહેદોને સાક્ષી તરીકે લીધેલ નથી તથા પંચ સાહેદની જુબાનીના આધારે બિલકુલ સમર્થન મળયુ ન હોય, સમર્થન વિહોણી જુબાનીના ઉપર માત્ર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત સંજોગોમાં નામદાર વડી અદાલત ધ્રારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે.

***The state of Gujrat VS Yadvendrasing Sardar Surjitsing Jat (Shikh) & Ors.2014(4) GLR 3159***

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"*

(૧૦) આમ, રેકર્ડ ઉપર પુરાવો જોતાં આ કામમાં પંચ સાહેદએ મહત્વના સાહેદ છે. આ કામમાં ફરિયાપક્ષ તરફથી તપાસવામાં આવેલ પંચ પંચનામાને સમર્થન કરતાં નથી જેથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી. તેથી આરોપીએ પાસેથી મુદ્દામાલ મળી આવતા પોલીસ પંચોની હાજરીમાં કબજે કરેલ હોવાનું પુરવાર થતું નથી. વધુમાં આ કામમાં સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલ નથી ત્યારે પણ આરોપી વિરૂદ્ધ ગુન્હો સાબીત થતો નથી.

આમ, આ આરોપી પાસેથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી હકીકતને સમર્થન મળે તેવા કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષે રજુ કરેલ નથી ત્યારે પ્રોહિબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) કોઇ આવશ્યક તત્ત્વો સંતોષાતા ન હોય ત્યારે આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૧)** આમ, ફરિયાદપક્ષ આ કામે આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો હુકમ કરવો ન્યાય સંગર જણાતા ન્યાયના હિતમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## – :: હુકમ ::–

૧. આ કામના આરોપી **ભગવતીબેન ઇશ્વરભાઇ હળપતિ,** રહે. અકોટી ગામ, મસ્જિદ ફળિયુ, તા. બારડોલી, જી. સુરત નાઓએ બી.એન.એસ.એસની કલમ– ૨૭૧ અન્વયે ગુજાર પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(એ)(એ) ગુનામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસની કલમ– ૪૮૧ મુજબ આરોપીના જામીન છ મહીના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.** ૧૦ મી, **માહે.** જુન, **સને.** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :** ૧૦/૦૬/૨૦૨૬.
**બારડોલી.**

**(જયેશ લક્ષ્મણભાઇ પરમાર)**
જયુ.મેજિ.ફ.ક., બારડોલી.
**U.I. CODE- GJ01441**

**J.M.F.C. Bardoli.**